બનાસકાંઠામાં લોકસભા પેટા ચૂંટણીમાં મતદારો ઉદાસીન

પાલનપુર, તા. ૨૯

રાજ્યના સરહદી જિલ્લા બનાસકાંઠાના સાંસદ મુકેશ ગઢવીના અવસાન બાદ ખાલી પડેલ બેઠક માટે પેટા ચૂંટણી આગામી તા. ૨ જી જુને યોજાઈ રહી છે. ત્યારે કોંગ્રેસમાંથી સાંસદના પત્ની કૃષ્ણાબા અને ભાજપમાંથી પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરીને ભાજપે મેદાનમાં ઉતાર્યા છે. અને અન્ય છ ઉમેદવારો સહિત કુલ ૮ ઉમેદવારો જંગ લડી રહ્યા છે.

હાલમાં કાળઝાળ ગરમી અને લગ્નની સીઝન વચ્ચે મતદારો ઉદાસીન દેખાઈ રહ્યા છે. વડાની સીધી સુચનાથી ભાજપ સરકારના મંત્રી મંડળ અને ધારાસભ્યો-કાર્યકરોને આવ કાળઝાળ ગરમીમાં મતદારોને મતદાન મથક સુધી પહોંચી ભાજપમાં મતદાન કરાવવા મથામણ કરી રહ્યા છે. જ્યારે કોંગ્રેસમાંથી પ્રદેશના શંકરસિંહ વાગેલા અને અર્જુન મોઢવાડિયાથી લઈને જિલ્લાના પ્રમુખ ઝાકાર ચૌહાણ ધારાસભ્યો મહેશ પટેલ સહિત કાર્યકરો ચૂંટણી પ્રચારના કામે લાગી ગયા છે. ત્યારે જિલ્લાનું વહીવટી તંત્ર ચૂંટણી પંચના ઓબ્ઝર્વર જિલ્લામાં ફરીને નિસ્પક્ષ ચૂંટણી અને વધુ પ્રમાણમાં મતદાન થઆય તે માટે પ્રયત્નશીલ બન્યા છે. તથઆ આ ચૂંટણીમાં ગરમી અને લગ્ન ગાળાના લીધે સવારે એક કલાક અને સાંજે એક કલાકનો સમય લંબાવાયેલ છે. જેને મતદાન કરવાનું છે એ જિલ્લાના મતદારો ચૂંટણી આડે બે-ત્રણ દિવસ બાકી હોવા છતાંય મતદારો ઉદાસીન છે. ત્યારે ભાજપ કે કોંગ્રેસ એક પણ ઉમદેવાર કે પક્ષવાળા હાલમાં પરિણામ અંગે કઈ પણ કહી શકે તેમ નથી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

બનાસકાંઠાની પેટા ચૂંટણીમાં સુરક્ષા દળોના ૧૫૦૦ જવાનો ફરજ બજાવશે

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠાની લોકસભા બેઠકની પેટા ચૂંટણી અન્વયે મતદાનની તારીખ ૨ જી જુન આડે હવે ગણતરીના થોડા દિવસો જ બાકી રજ્ઞા છે ત્યારે તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી સંગીન આયોજન થઈ રજ્ઞું છે. નિર્ભય અને નિષ્પક્ષ તથા શાંત માહોલમાં ચૂંટણી યોજાય તે માટે પાલનપુર ખાતે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી જે.જી. હિંગરાજીયાના અધ્યક્ષસ્થાને પેરામિલીટરી ફોર્સના BSF, CRP સહિતના સુરક્ષા દળોના અધિકારીઓ સાથે ચૂંટણીલક્ષી વ્યવસ્થાના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે આ પેટા ચૂંટણીમાં સુરક્ષાદળોની ૨૭ કંપનીઓના આશરે ૧૫૦૦ જેટલા જવાનો ફરજ બજાવશે. કલેકટરશ્રીએ જણાવ્યું કે નિર્ભય અને શાંત માહોલમાં ચૂંટણી યોજવા સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કજ્ઞું કે આ પેટા ચૂંટણીમાં ગરમી અને લગ્નસરાની સીઝન ધ્યાનમાં લઈને ચૂંટણીપંચ દ્વારા મતદાનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. જે અનુસાર સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકાશે. સુરક્ષા દળોની કામગીરી અંગે કલેકટરશ્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ. તેમણે કજ્ઞું કે આપણને સૌને ચૂંટણીલક્ષી ફરજનો અનુભવ છે. કલેકટરશ્રીએ કજ્ઞું કે ચૂંટણીપંચની માર્ગદર્શીકા અને સુચના અનુસાર ફરજ બજાવીને સારા માહોલમાં ચૂંટણી યોજવા કાળજીભર્યા-ચાસો કરીએ.

પોલીસ અધીક્ષક શ્રી અશોકકુમારે સુરક્ષા દળોની કામગીરી અંગે વ્યવસ્થિત માર્ગદર્શન આપ્યું હતુ. તેમણે કજ્ઞું કે દરેક જવાનને પોતાની ફરજ અંગે સ્પષ્ટ ખ્યાલ હોય એ જરૂરી છે સુરક્ષા જવાનોને જરૂરી તમામ સુવિધા આપવાનું શ્રી અશોકકુમારે જણાવ્યું હતુ. તેમણે કજ્ઞું કે વહીવટીતંત્ર, પોલીસ વિભાગ અને સુરક્ષા દળોના જવાનો પરસ્પર સંકલનમાં રહીને ફરજ બજાવશે. મતદાન કેન્દ્રમાં કોણ-વેશ કરી શકે તે અંગે પણ પોલીસ અધિક્ષકશ્રીએ જાણકારી આપી હતી. બેઠકમાં ઓબ્ઝર્વરશ્રીઓ સર્વશ્રી વી. ડી. એચ. જાધવ, શ્રી રાજકુમાર, શ્રી હરેન્દ્રવિરસિંહ, અધિક નિવાસી કલેકટર શ્રી સુધીર પટેલ, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન. એલ. પાંડોર તથા સુરક્ષા દળોના અધિકારીઓ ઉપસ્થિત રજ્ઞા હતા.

વડાલીના જેતપુર નજીક કારની ટક્કરથી એકનું મોત

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માથી હિંમતનગર માર્ગ પર આવેલ વડાલી તાલુકાના જેતપુર નજીક મંગળવારે સાંજના સુમારે બાઈક અને કાર વચ્ચે અકસ્માત થતા એક જણાનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે સાંજના ૪.૩૦ વાગેના સુમારે ખેડબ્રહ્માના સુરેશભાઈ સવગણભાઈ વસાવા, રમેશભાઈ ચેલાજી અને મિથુનભાઈ રમેશભાઈ મહેશ્વરી બાઈક નં. જીજે-૯-સીસી-૫૮૩૨ પર બેસી ખેડબ્રહ્માથી ઈડર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન જેતપુર પાસેથી સામેથી આવતી કાર નં. એમએચ-૦૪-ઇપ૩૯ના ચાલકે કારને પૂરઝડપે હંકારી બાઈક સાથે અથડાવી દીધી હતી. જેથી બાઈક પર જઈ રહેલા ત્રણેય જણા જમીન પર પટકાયા હતા. જેમાં સુરેશભાઈને ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. ઉપરાંત આ અકસ્માતમાં મિથુન અને રમેશભાઈને ઈજા થતાં બંન્નેને સારવાર માટે વડાલી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા. પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકા ભાજપના કાર્યકર્તાઓનો ચૂંટણી પ્રચાર

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકા અને શહેર ભાજપના કાર્યકરોની ટીમ બનાસકાંઠા લોકસભા બેઠકની ચૂંટણી પ્રચારમાં જોડાયા હતા. જે અંતર્ગત ૨૬ મે ના રોજ દાંતા તાલુકાના જસવંતગઢ, સોરસંડા, કોમલપુર, જીતપુર, વિજલાસણ અને જોરાપુર ગામોમાં ભાજપના ઉમેદવાર હરીભાઈ ચૌધરીના સમર્થનમાં ડોર ટુ ડોર ચૂંટણી પ્રચારમાં મતદારોનો સંપર્ક કર્યો હતો. આ પ્રચારમાં દાંતા તાલુકા પંચાયતની જસવંત ગઢ બેઠકના ઈન્ચાર્જ પરથીભાઈ તથા તાલુકા પંચાયતના સદસ્ય ભોજાભાઈ તરાલ જોડાયા હતા.

આ ચૂંટણી પ્રચારમાં જિલ્લા ભાજપના ઉપપ્રમુખ જશુભાઈ પટેલ, શહેર પ્રમુખ નારાયણદાસ બારોટ, વિનોદભાઈ પટેલ, અરવિંદભાઈ ઠક્કર, રાજેન્દ્રસિંહ ચૌહાણ, ગોવિંદભાઈ વણકર સહિતના કાર્યકરો ચૂંટણી પ્રચારમાં જોતરાયા હતા.

ખેડબ્રહ્મામાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈનની તડફંચી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા સ્વામીનારાયણ મંદિર નજીકથી મંગળવારે સાંજના સુમારે એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ દોરાની તડફંચી કરી નાસી ગયેલ આ અંગે ખેડબ્રહ્મા પોલીસમથકે મહિલાએ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ ખેડબ્રહ્મામાં વાસણા રોડ પર આવેલ કચ્છ કડવા પાટીદારની વાડી સામે રહેતા શુશીલાબેન પ્રવિણચંદ્ર રાવલ મંગળવારે સાંજના સુમારે ઘરેથી તેમની બહેનને ત્યાં ચાલતા જઈ રહ્યા હતા.

દરમિયાન ૪.૩૦ વાગેના સમયે સ્વામીનારાયણ મંદિર પાસે અચાનક એક બાઈક પર બે અજાણ્યા ઈસમો શુશીલાબેન પાછળ આવીને બાઈક પર સવાર ઈસમે શુશીલાબેનના ગળામાંથી સોનાનો ૨૭ ગ્રામ કીંમત રૂ. ૬૦ હજારનો દોરો તોડી નાસી ગયેલ શુશીલાબેને બુમાબુમ કરી પરંતુ બે બાઈક સવારો બાઈક સાથે પલાયન થઈ ગયા હતા. આ અંગે ખેડબ્રહ્મા પોલીસમથકે શુશીલાબેન પ્રવિણચંદ્ર રાવલ મંગળવારે મોડી સાંજે ફરિયાદ નોંધાવી હતી.

કાટવાડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં વીરપુર ટીમનો શાનદાર વિજય

કાટવાડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૨૪૦ ટીમોએ ભાગ લીધો હતો

હિંમતનગર, તા. ૨૯

વેકેશનની સિઝન ચાલી રહી છે. ગામડાઓમાં તથા શહેરમાં નાઈટ ક્રિકેટની મોસમ જોરશોરથી ચાલી રહી છે. ત્યારે હાલ હિંમતનગરના કાટવાડમાં પણ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટમાં વીરપુરની ટીમનો શાનદાર વિજય થયો હતો.

કાટવાડ ક્રિકેટ ટુર્નામેન્ટના કુલ ૨૪૦ ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં વીરપુર ઈલેવન અને હિંમતનગરની ખાન સી.સી. ટીમો ટકરાઈ હતી. આ મેચમાં ખાન સી.સી.ની ટીમે ૧૫૭ રન કર્યા હતા. વીરપુરની ટીમે આ સ્કોરનો પીછો કરતા વીરપુર ઈલેવને ૧૩ ઓવરમાં જ ૧૫૭ રનનું લક્ષ્યાંક પાર પાડ્યું હતું. આ ફાઈનલ મેચમાં ફીરોજ પઠાણને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. કાટવાડ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજકો દ્વારા વિજેતા ટીમના કપ્તાન ઈરાઝ ખણુસીયાને ટ્રોફી આપી હતી. આ ઉપરાંત વીરપુરની જ બીજી ટીમ પણ આ જ સપ્તાહમાં ઈડરના હિંગળાજ ખાતેની ટુર્નામેન્ટના ફાઈનલ વિજેતા બની હતી. આમ વીરપુરની ટીમો દ્વારા ફાઈનલમાં વિજેતા બનીને ગામનું ગૌરવ વધાર્યું છે.

શાળા પ્રવેશોત્સવ મામલે પાટણ કલેક્ટરે બેઠક યોજી

પાટણ, તા. ૨૯

આગામી તા. ૧૩,૧૪,૧૫ જુન-૨૦૧૩ ગ્રામ્ય વિસ્તારમાં અને તા. ૨૦,૨૧,૨૨, જૂન-૨૦૧૩ શહેરી વિસ્તારમાં શાળા-વેશોત્સવ દરમિયાન ૯૧૫૬ કુમારો અને ૮૪૬૭ કન્યાઓને આમ કુલ ૧૭૬૨૩ બાળકોને ૧૦૦ ટકા શાળા-વેશ કરાવવામાં આવશે. જિલ્લામાં આવેલી કુલ ૧૩૯૪ આંગણવાડીઓમાં પણ-વેશ આપણાવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

પાટણ ખાતે આવેલા જિલ્લા પંચાયતના સ્વર્ણિમ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં હાજર રહેલા જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરાએ જણાવ્યું કે, શિક્ષકગણે શિક્ષણનું કાર્ય ઉત્સાહ અને નિષ્ઠાથી કરવું જોઈએ. માનવ વિકાસમાં શિક્ષણની ભૂમિકા પાયાની હોય છે. મનુષ્યના જીવનનું ઘડતર શિક્ષક અને શિક્ષણ થકી જ થાય છે.

શાળામાં ઉજવાતા-વેશોત્સવ એક ઉજવણીના રૂપમાં ઉજવાય અને દરેક સમાજ તેમાં જોડાય તેવું વાતાવરણ ઉભું કરવા દરેક શિક્ષકોને અનુરોધ કર્યો હતો.

પ્રાંતિજ મજરા ચોકડી પાસે દોઢ માસે ખાડો ન પુરાતાં રહીશો પરેશાન

ખોદકામ દરમિયાન ટેલિફોનનો કેબલ વાયર શોધતા ટેલિફોન સેવાઓ ખોરવાઈ

પ્રાંતિજ, તા.૨૯

પ્રાંતિજ નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવલે મજરા ચોકડી પાસે ટેલીફન વાયરોમાં ફોલ્ટને શોધવા માટે તંત્ર દ્વારા છેલ્લા દોઢ માસથી ખોદેલ ૫ થી ૬ ફૂટનો ખાડો પૂરવામાં ન આવતા વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા છે તો બીજી તરફ આ ખોદકામથી કેટલાક વિસ્તારમાં ઘર અને દુકાનની ટેલીફોનની ઘંટડીઓ બંધ થઈ જવા પામી છે. આથી શહેરના નાગરિકો ભારે પરેશાન થઈ ગયા છે અને સત્વરે ખાડા પુરવા અને ટેલિફોન સેવા શરુ કરાય તેવી માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ-મજરા અને તલોદ ત્રણ રસ્તા પર આવેલ જમીનમાંથી પસાર થતા ટેલિફોનના કેબલ વાયરમાં ફોલ્ટ આવતા દોઢ માસ અગાઉ ફોલ્ટ શોધવા તંત્ર દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું. પરંતુ આટલો સમય વિતી ગયા છતાં પણ ન ખાડો પૂરાતા કે ન ટેલિફોન ચાલુ થતા હાલ લોકોને માર્ગમાં ચાલવું પણ ઘણું મુશ્કેલ બન્યું છે તો ટેલિફોનના તમામ ફોન પણ બંધ થઈ જતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને આ મામલે સત્વરે કામગીરી થાય તેમ નાગરિકો ઈચ્છી રહ્યા છે.

પાટણ તાલુકાના માનપુર ગામે

૩૧ ખેડૂતોએ ટપક સિંચાઈ પદ્ધતિનો અમલ કરવા માટેની અરજી આપી

પાટણ, તા. ૨૯

પાટણ તાલુકાના માનપુરા ગામે યોજવામાં આવેલ કૃષિ મહોત્સવમાં ખારીવાવડી, બાદીપુર, ખાનપુર, રાજકુવા, ભદ્રાડા, માનપુર અને ફુલેસણા ગામના ખેડૂતો અને પશુપાલકો ઉપસ્થિત રહયા હતા. જેમાં ૩૧ ખેડૂતોએ ટપક સિંચાઇ પધ્ધતિનો અમલ કરવા અરજીઓ આપી હતી.

આ-સંગે કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડાના કૃષિ વૈજ્ઞાનિક ડૉ. એસ.એમ.પટેલે જણાવ્યું હતું કે, કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્તર ગુજરાતના છ જિલ્લાઓના ખેડૂતોને દાંતીવાડા ખાતે ખેડૂત તાલીમ કેન્દ્રમાં સાત દિવસની તાલીમ આપવામાં આવે છે. ખેડૂતો માટે આવવા-જવા, રહેવા અને જમવાની વ્યવસ્થા વિનામુલ્યે કરવામાં આવે છે. તાલીમ દરમિયાન જુદા જુદા પાકોનું જાત નિદર્શન, બિયારણોનું નિદર્શન અને પશુપાલન વિશે અદ્યતન જાણકારી આપવામાં આવે છે. આ તાલીમ કેન્દ્રનો લાભ લેવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

ડૉ. પટેલે યુનિવર્સિટી દ્વારા ખેતી, બાગાયતી અને પશુપાલનને લગતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના અભ્યાસક્રમોની વિગતવાર માહિતી આપી હતી. દિવેલા, કપાસ અને ખાતરની જાણકારી આપી હતી. આ-સંગે મદદનીશ ખેતી નિયામક (વિસ્તરણ), પાટણના એસ.એસ.પટેલે જણાવ્યું હતું કે, અત્યારના સમયે ખેતી કામ માટે મજૂરોની અછત હોવાથી ખેતીના આધુનિક ટેકનોલોજીવાળા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. ખેતીના આધુનીક સાધનો જેવાકે, રોટોવેટર, કલ્ટીવેટર, મોબાઈલ સેડરની માહિતી અને તેની કામગીરી અને રાજય સરકારની મળતી સહાયની વિગતો જણાવી હતી. જમીન ચકાસણી અને ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાની માહિતી આપી હતી. ટોલ ફ્રી ફોન નંબર ૧૮૦૦-૧૮૦-૧૫૫૧ પરથી ખેડૂતોને ખેતી માટેની વિનામુલ્યે આધુનિક માહિતી મળી શકશે તેમ જણાવ્યું હતું.

આ-સંગે જિલ્લા માહિતી કચેરીના શ્રી એસ.જી.પટેલે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાના ખેડૂતો ટપક સિંચાઇ પધ્ધતિનો અમલ કરે તેના પર જિલ્લા કલેકટરશ્રી જે.બી.વોરા ભાર મુકી રહયા છે ત્યારે દરેક ખેડૂતોએ ઓછા ખર્ચે વધુ ઉપજ લેવા માટે ટપક સિંચાઇ પધ્ધતિનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ઉંઝા તાલુકાના પળી ગામે કૃષિ મહોત્સવ યોજાયો

પાટણ, તા. ૨૯

મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના પળી ગામે કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પશુ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે બી.પી.એલ. લાભાર્થીઓને કૃષિ કીટસ અને પશુ કીટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાનો રૂ. એક લાખનો ચેક વિધવાબેનને અર્પણ કરવામાં આવ્યો હતો. એ.જી.આર. ૫૦ યોજના હેઠળ ટ્રેકટર ખરીદવા બે ખેડૂતોને સહાયના ચેક આપવામાં આવ્યા હતા. આ-સંગે જગુદન મસાલા કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકશ્રી ડૉ. એસ.એમ.પટેલે કૃષકોને જણાવ્યું હતું કે, ઓછા ખર્ચે વધુ ઉપજ મેળવવા આધુનિક ખેતી કરવી જોઈએ. મસાલા પાક, દિવેલાના પાકની વાવણીથી લલણી સુધીની વિગતવાર માહિતી ખેડૂતોને સમજાવી હતી. ડૉ. પટેલે ટપક સિંચાઇ પધ્ધતિના ફાયદા જણાવી તેનો લાભ લેવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

આ-સંગે ઉંઝાના ખેતી અધિકારીશ્રી બી.જે.પટેલે કપાસની ખેતીમાં થતા રોગ, જંતુનાશક દવાઓ, વધુ ઉત્પાદન લેવાના ઉપાયો વિશે માહિતી આપી હતી. વેટરનરી ડૉકટર આર.એન.પટેલે પશુઓની સંભાળ, જાળવણી, માવજત, પશુઓમાં થતા રોગ, દુધ ઉત્પાદન વધારવાના ઉપાયો વિશે પશુપાલકોને માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં પળી ગામના આગેવાનશ્રી ડાહયાભાઇ પટેલે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા ડ્રીપ ઇરીગેશન પધ્ધતિનો ઉપયોગ કરવા પર ભાર મુક્યો હતો.

આ-સંગે ગ્રામ વિકાસ એજન્સી દ્વારા નિર્મળ ગામ-સ્વચ્છ ગામ પર ભવાઇનો કાર્યક્રમ યોજાયો હતો. જેને ગ્રામજનોએ રસપુર્વક નિહાળ્યો હતો.

આ-સંગે તાલુકા પંચાયતના-મુખશ્રી-કાશભાઇ પટેલ, જિલ્લા સદસ્યશ્રી ભીખાભાઇ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી વાય.પી.જોષી, મામલતદારશ્રી એ.કે.રાજગોર, ઝાના વિસ્તરણ અધિકારીશ્રી એન.કે.ઠાકોર, બ્લોક ઓફીસરશ્રી શ્રીમતી ડૉ. શુકલા, પળી ગામના સરપંચશ્રી હરજીભાઇ પરમાર, ઉનાવા ગામના સરપંચશ્રી વસ્તારામભાઇ પટેલ, ખેતીવાડી, બાગાયતી અને પશુપાલન ખાતાના અધિકારીઓ, ગ્રામ સેવકો, ઉનાવા અને પળી ગામના મહિલાઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

આ કૃષિ મહોત્સવને પળી ગામના ઉપસરપંચશ્રી રાજેન્દ્રસિંહ રાજપુત, તલાટીશ્રી ઇશ્વરભાઇ ચૌધરી, ગ્રામસેવક સર્વશ્રી ડી.જી.પટેલ અને કનુભાઇ સથવારાએ તેમની ટીમના સહયોગથી ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮